**ભાસ્કર વિશેષ** | MMRCનો નામાંતર હક વેચીને મહેસૂલ ઊભું કરવા નિર્ણય

# કંપનીઓ, બેંકોને મેટ્રો-3ના 22 જેટલાં સ્ટેશનનો નામાધિકાર આપવામાં આવશે

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ

મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશને કોલાબા-બાન્દરા-સીપ્ઝ મેટ્રો-3 રૂટના 22 સ્ટેશનના નામનો અધિકાર ખાનગી કંપનીઓ, બેંકોને આપવાનો નિર્ણય લીધો છે. એના માટે ટેંડર મગાવવામાં આવ્યા છે. આ ટેંડર પ્રક્રિયા પૂરી થયા બાદ સ્ટેશનના નામાધિકારના માધ્યમથી એમએમઆરસીને સારા પ્રમાણમાં મહેસૂલ મળે એવી શક્યતા છે.

મેટ્રો પ્રકલ્પ અંતર્ગત ટિકિટ ઉપરાંત બીજા સ્રોતમાંથી મહેસૂલ મળે એ માટે પ્રયત્ન કરવામાં આવે છે. એના જ એક ભાગ તરીકે મેટ્રો સ્ટેશનમાં, મેટ્રો ટ્રેનમાં જાહેરાત માટે પરવાનગી આપવામાં આવે છે. ખાદ્યપદાર્થો અને બીજા સ્ટોલના માધ્યમથી પણ મહેસૂલ મેળવવામાં આવે છે. એ જ સમયે વિવિધ નામાંકિત કંપનીઓને મેટ્રો સ્ટેશનના નામના અધિકાર આપીને એમાંથી મહેસૂલ મેળવવામાં આવે છે. મેટ્રો-3 શરૂ થયા પછી બીજા સ્રોતમાંથી મહેસૂલ મળે એ માટે એમએમઆરસીએ અત્યારથી જ પ્રયત્ન શરૂ કર્યા છે.



5 મેટ્રો સ્ટેશનના નામના અધિકાર 2022માં જ વિવિધ કંપનીઓને આપવામાં આવ્યા છે. કોટક મહિન્દ્રા બેંક પાસે બાન્દરા-કુર્લા કોમ્પ્લેક્સ સ્ટેશન, છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ મેટ્રો સ્ટેશન, આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ પાસે સિદ્ધિવિનાયક મેટ્રો સ્ટેશન, એલઆઈસીને ચર્ચગેટ અને હુતાત્મા ચોક મેટ્રો સ્ટેશનના નામના અધિકાર આપવામાં આવ્યા છે. આ કંપનીઓને જાહેરાતો માટે મેટ્રો સ્ટેશનમાં જગ્યા મળશે. તેમ જ મેટ્રો ટ્રેનની ઘોષણામાં અને સ્ટેશનના નકશામાં આ કંપનીઓના નામનો ઉલ્લેખ કરવામાં આવશે. સાથે જ એ કંપનીનું નામ સંબંધિત સ્ટેશનના નામ પહેલાં જોડવામાં આવશે. એમાંથી એમએમઆરસીને મેટ્રો-3 શરૂ થયા પછી આગામી પાંચ વર્ષમાં 216 કરોડ રૂપિયાનું મહેસૂલ મળશે. હવે એમએમઆરસીએ બાકીના 22 સ્ટેશનના નામના અધિકાર માટે ટેંડર મગાવ્યા છે.

## 17 જુલાઈ સુધી મુદત

કફ પરેડ, વિધાનભવન, કાલબાદેવી, ગિરગાવ, ગ્રાન્ટ રોડ, મુંબઈ સેંટ્રલ, મહાલક્ષ્મી, વિજ્ઞાન સંગ્રહાલય, આચાર્ય અત્રે ચોક, વરલી, દાદર, શિતલાદેવી મંદિર, ધારાવી, વિદ્યાનગરી, સાંતાક્રુઝ એરપોર્ટ (ડોમેસ્ટિક), સહાર રોડ, આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, મરોલ નાકા, એમઆઈડીસી, સીપ્ઝ અને આરે એમ 22 સ્ટેશનના નામના અધિકાર માટે ટેંડર મગાવવામાં આવ્યા છે. 22 જૂનથી 17 જુલાઈ દરમિયાન ઈચ્છુક કંપનીઓ ટેંડર રજૂ કરી શકશે.